ક્રિ.પ.અ.નં.૩૩૦૯/૨૦૧૮.

અરજદાર : બાબુલાલ કચરાલાલ રંગપરા.

વિરુધ્ધ

સામાવાળા : રજીસ્ટ્રારશ્રી, જન્મ–મરણ વિભાગ,

અ.મ્યુ.કોર્પોરેશન.અમદાવાદ.

આંક–૧ નીચે હુકમ.

૧) અરજદારે હાલની અરજી જન્મ–મરણ નોંધણી અધિનિયમની કલમ–૧૩(૩) હેઠળ તેમના માતાની મરણની નોંધ કરાવવા માટે દાખલ કરેલ છે.અરજદારે અરજીમાં એવી હકીકતો જણાવેલ છે કે,તેમના માતાનું અવસાન તા.૧૦–૧–૨૦૦૭ ના રોજ થયેલ છે અને જે તે વખતે શરતચુકથી તેમના માતાની જન્મ મરણ નોંધણી અધિનિયમ અન્વયે નોંધ કરાવવાની રહી ગયેલ છે જેથી હાલ નોંધ કરાવવા માટે આ અરજી આપેલી છે. અરજદારે અરજીમાં તેમના માતાની મરણની નીચે મુજબની વિગતો આપેલ છે.

મરનારનું નામ–જોઈતીબેન કચરાદાસ પટેલ.

મરણ તારીખ–૧૦–૧–૨૦૦૭.

મરણનું સ્થળ–બ્લોક નંબર ૪૨/૧૦૦૩, ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર,અમદાવાદ.

૨) ઉપરોકત મુજબની વિગતો હોઈ અને જે તે વખતે મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોઈ તેથી સામાવાળા અરજદારના માતાની મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપે તેવી દાદ માંગેલ છે.

૩) આ અરજી દાખલ થતાં અરજી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે અને કામ અરજદારના પુરાવા માટે રાખવામાં આવેલ છે. અરજદારે પોતાની અરજીના

**સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.**

**<u>મૌખિક પુરાવા</u>**

**૧...અરજદારની સરતપાસની એફીડેવીટ, આંક–પ.**

**ર...શ્વેતલભાઈ જીવણભાઈ પટેલની સરતપાસની એફીડેવીટ,આંક–૬.**

**૩...કૌશિકભાઈ જીવણભાઈ પટેલની સરતપાસની એફીડેવીટ, આંક–૭.**

**૪...કલાવતીબેન કાલીદાસ પટેલની સરતપાસની એફીડેવીટ, આંક–૧ર.**

**પ...અતુલભાઈ ભરતભાઈ મહેતાની સરતપાસની એફીડેવીટ, આંક–૧૩.**

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

**૧...અપ્રાપ્ય પ્રમાણપત્ર, નિ.–૩/૧.**

**ર...સમાચારપત્રમાં આપેલ જાહેરનોટીસ, આંક–૮.**

**૩...મરણ રજીસ્ટરની નકલ, આંક–૧૪.**

**૪) સદર કામમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેલ છે પરંતુ કોઈ વાંધા આવેલ નથી.**

**પ) આ અરજી ઈન્કવાયરી સ્વરુપની હોઈ જેથી અરજદારે જે સરતપાસનું સોગંદનામું આપેલ છે તે પણ સી.આર.પી.સી.કલમ–ર૯૬ હેઠળ ગ્રાહય હોઈ જેથી તેને ધ્યાને લેવામાં આવેલ છે.**

**૬) આ કામે અરજદારના રજુ થયેલા પુરાવા જોતાં અરજદારના માતાની જે તે વખતે મરણની નોંધ થયેલ ન હોવાનું જણાય છે. અરજદારના પુરાવા જોતાં અરજદારના માતાનું અવસાન તારીખ ૧૦–૧–ર૦૦૭ ના રોજ થયેલ હોય તેવું જણાય છે તે સંજોગોમાં આ અરજી મંજુર કરવાપાત્ર જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**<u>હુ ક મ</u>**

**અરજી આથી મંજુર કરવામાં આવે છે.**

આ કામના સામાવાળાને એવો આદેશ કરવામાં આવે છે કે, અરજદારના માતાની નીચે મુજબની વિગતો હોઈ તે મુજબની વિગતો નોંધી જરુરી લેઈટ ફી લઈ મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપવો, તેવો હુકમ ફરમાવું છું.

મરનારનું નામ–જોઈતીબેન કચરાદાસ પટેલ.

મરણ તારીખ–૧૦–૧–૨૦૦૭.

મરણનું સ્થળ–બ્લોક નંબર ૪૨/૧૦૦૩, ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર,અમદાવાદ.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૬–૯–૨૦૧૮.
અમદાવાદ.

(એ.એ.વાયડા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૬, અમદાવાદ.
જીજે ૦૦૯૮૬